Seat No. : _______________

# SM-120

**September-2020**

**B.A., Sem.-VI**

**CC-315-A : Gujarati**

**(સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ : ખરા બપોર – જયંતી ખત્રી)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – I**

નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણના ઉત્તર આપો : **(14 × 3 = 42)**

1. ટૂંકીવાર્તાની સ્વરૂપગત વિભાવના જણાવી, તેનાં લક્ષણોનો વિગતવાર પરિચય આપો.

2. ગુજરાતી ટૂંકીવાર્તાના ઉદ્‌ભવ-વિકાસની રૂપરેખાનો વિગતે પરિચય આપો.

3. 'ખરા બપોર'ને આધારે જયંત ખત્રીની વાર્તાકાર તરીકેની સિદ્ધિ-મર્યાદાનો વિગતે પરિચય કરાવો.

4. 'ખરા બપોર'નું કથાવસ્તુ જણાવી, તેનાં શીર્ષકની યથાર્થતા ચર્ચો.

5. નોંધ લખો :
   (1) 'ખરા બપોર'ની પાત્રસૃષ્ટિ
   (2) 'ખરા બપોર'માં પ્રતીક યોજના

6. નોંધ લખો :
   (1) 'ધાડ' વાર્તાનો નાયક
   (2) 'મુક્તિ' શીર્ષકનું ઔચિત્ય

7. જયંત ખત્રીના વાર્તાસંગ્રહ 'ખરા બપોર'માં આવતા રણનો પરિવેશ પર વિગતે લખો.

8. 'ખરા બપોર'ની વાર્તાઓમાં તમને ગમતી એક વાર્તાનો આસ્વાદ કરાવો.

## વિભાગ – II

### (ફરજીયાત)

9. યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તરો આપો : (કોઈપણ આઠ) **8**

(1) ગુજરાતી ટૂંકીવાર્તાની વિભાવના સૌપ્રથમ કોણે આપી ?

(ક.મા. મુનશી, ર.વ. દેસાઈ, ધૂમકેતુ)

(2) ટૂંકીવાર્તાને ગદ્યદેહે વિચરતું ઊર્મિકાવ્ય કોણે કહ્યું ?

(ઉમાશંકર જોશી, વિશ્વનાથ ભટ્ટ, ધૂમકેતુ)

(3) ટૂંકીવાર્તાનું સ્વરૂપનું સૌથી મહત્ત્વનું ઘટક અંગ કોને ગણવામાં આવે છે ?

(ઘટના, સંવાદ, ભાષાશૈલી)

(4) ગુજરાતી ટૂંકીવાર્તાનો ઉદ્‌ભવ કયા યુગમાં થયો છે ?

(સુધારક યુગ, પંડિત યુગ, ગાંધી યુગ)

(5) આધુનિક ગુજરાતી ટૂંકીવાર્તાના પ્રણેતા કોણ છે ?

(ઉમાશંકર જોશી, જયંત ખત્રી, સુરેશ જોશી)

(6) જયંત ખત્રીની કેટલી વાર્તાઓ ગ્રંથસ્થ થયેલી છે ?

(39, 41, 52)

(7) જયંત ખત્રી પાસેથી કેટલા વાર્તાસંગ્રહો મળ્યા છે ?

(ત્રણ, ચાર, પાંચ)

(8) જયંત ખત્રીના મરણોપરાંત કયો વાર્તાસંગ્રહ પ્રગટ થયેલો ?

(ફોરાં, વહેતા ઝરણાં, ખરા બપોર)

(9) જયંત ખત્રીનો પ્રથમ વાર્તાસંગ્રહ કઈ સાલમાં પ્રગટ થયો હતો ?

(1944, 1952, 1940)

(10) 'ખરા બપોર' વાર્તાસંગ્રહમાં કેટલી વાર્તાઓ ગ્રંથસ્થ થયેલી છે ?

(16, 14, 10)

(11) 'ખરા બપોર' વાર્તાસંગ્રહ કયા વર્ષે પ્રગટ થયેલો ?

(1944, 1952, 1968)

(12) 'માટીનો ઘડો' વાર્તાનું મુખ્ય પાત્ર કોણ છે ?

(ઘેલો, મેઘજી, રાણલ)

(13) કાશીના પરણેતરનું નામ જણાવો.

(કાનો, ઘેલો, મેઘજી)

(14) ઘેલો કઈ વાર્તાનું પાત્ર છે ?

(માટીનો ઘડો, ધાડ, નાગ)

(15) નીલી કઈ વાર્તાનું પાત્ર છે ?

(ખલાસ, સિબિલ, ડેડ એન્ડ)

(16) 'ખરા બપોર' વાર્તામાં કયા મહિનાના ખરા બપોરેનું વર્ણન કરવામાં આવ્યું છે ?

(જેઠ, વૈશાખ, ફાગણ)

Seat No. : _______________

# SM-120

**September-2020**

## B.A., Sem.-VI

## CC-315-B : Gujarati

(સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ : એવા રે અમે એવા... વિનોદ ભટ્ટ)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

### વિભાગ – I

કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો. **14 × 3 = 42**

1. આત્મકથાનું સ્વરૂપ સમજાવી, તેના વ્યાવર્તક લક્ષણોનો પરિચય કરાવો.

2. ટૂંકનોંધ લખો : (બંને)
   (1) આત્મકથા અને જીવનચરિત્ર વચ્ચેનો ભેદ
   (2) આત્મકથામાં ગાંધીજીનું પ્રદાન : 'સત્યના પ્રયોગો'

3. વિનોદ ભટ્ટના જીવન અને સાહિત્યસર્જન વિશે વિગતે ચર્ચા કરો.

4. ટૂંકનોંધ લખો : (બંને)
   (1) વિનોદ ભટ્ટનું હાસ્ય સાહિત્ય : કથા-વાર્તા
   (2) વિનોદ ભટ્ટ ઉત્તમ નિબંધકાર તરીકે

5. 'એવા રે અમે એવા...' આત્મકથામાં વિનોદ ભટ્ટની રમુજ - હાસ્ય - વ્યંગવૃત્તિનો પરિચય કરાવો.

6. ટૂંકનોંધ લખો : (બંને)
   (1) 'તોફાન ખાતર તોફાન'માં લેખકનાં સંસ્મરણો
   (2) 'મારું ગમતું ગામ' નું શબ્દચિત્ર

7. 'એવા રે અમે એવા...' નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

8. 'એવા રે અમે એવા...' ની પાત્રસૃષ્ટિ સવિસ્તાર લખો.

## વિભાગ – II
## (ફરજીયાત)

9. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : (ગમે તે **આઠ**) **8**

(1) 'હું પોતે' આત્મકથાના લેખક કોણ છે ?
(નારાયણ હેમચંદ્ર, ક.મા. મુનશી, ઈન્દુલાલ યાજ્ઞિક)

(2) નર્મદની આત્મકથાનું નામ જણાવો.
(સ્મરણ યાત્રા, મારી હકીકત, કાકાની શશી)

(3) સ્નેહરશ્મિની આત્મકથા કઈ છે ?
(મારી દુનિયા, મારી હકીકત, અડધે રસ્તે)

(4) 'જીવન પંથ' આત્મકથા કયા લેખકની છે ?
(પ્રભુદાસ ગાંધી, ધૂમકેતુ, વિનોદ ભટ્ટ)

(5) 'અડધે રસ્તે' આત્મકથાના લેખકનું નામ જણાવો.
(ધૂમકેતુ, ક.મા. મુનશી, ગાંધીજી)

(6) વિનોદ ભટ્ટનો જન્મ ક્યાં થયો હતો ?
(ચાંદોદ, નાંદોલ, ગણોલ)

(7) વિનોદ ભટ્ટનાં પિતાનું નામ જણાવો.
(શાંતિલાલ, જસવંતલાલ, વસંતલાલ)

(8) વિનોદ ભટ્ટના પ્રથમ લગ્ન કોની સાથે થયાં હતાં ?
(કૈલાસ, વિલાસ, શાંતા)

(9) વિનોદ ભટ્ટનો બી.એ.માં મુખ્ય વિષય કયો હતો ?
(ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર)

(10) વિનોદ ભટ્ટને કયા વર્ષમાં શ્રી રણજિતરામ સુવર્ણ ચંદ્રક એનાયત થયો હતો ?
(1989, 1985, 1984)

(11) વિનોદ ભટ્ટે છેલ્લે કયા વ્યવસાયમાંથી સ્વેચ્છિક નિવૃત્તિ લીધી હતી ?

(શેર બજાર, ઈન્કમ ટેક્ષ, સેલ્સ ટેક્ષ)

(12) 'અમે ત્રણ અમારાં ત્રણ'માં લેખક કઈ પત્નીની વાત કરે છે ?

(નલિની, કૈલાસ, ગીતા)

(13) 'ભ્રષ્ટાચાર અને મોંઘવારી'માં લેખક કઈ ઓફિસમાં ચાલતા ભ્રષ્ટાચારની વાત જણાવે છે ?

(કસ્ટમ, ઈન્કમટેક્ષ, સેલ્સ ટેક્ષ)

(14) વિનોદ ભટ્ટના મતે ગુજરાતી સાહિત્યના હાસ્ય સમ્રાટ કોણ હતાં ?

(બકુલ ત્રિપાઠી, જ્યોતીન્દ્ર દવે, ચંદ્રવદન મહેતા)

(15) 'એવા રે અમે એવા...' નું અંતિમ પ્રકરણ કયું છે ?

(શેષ-વિશેષ, બાવા બન્યા એટલે...., મારા બાળ ગોઠિયા)

(16) વિનોદ ભટ્ટના હૃદયશીલ સાહિત્યિક મિત્રોના નામ જણાવો.

(લાભ શંકર - નિરંજન ત્રિવેદી - વિનોદ જાની, શેખાદમ - ચિનુ મોદી - બકુલ ત્રિપાઠી, ચંદ્રવદન મહેતા - બકુલ ત્રિપાઠી - રતિલાલ બોરીસાગર)

---